જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૧/૦૮/૨૦૨૫ ગુરૂવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૧૭૫/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૩ કેસ કરી, ૨૬ વ્યક્તિઓને ઝડપી, ૪૨૦ લીટર દેશી દારૂ, ૦૫ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૭૪ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૦૧ રીક્ષા અને ૦૪ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગારધારા હેઠળ ૦૪ કેસ કરી, ૧૦ વ્યક્તિઓને ઝડપી, રોકડ રૂપિયા ૩૨,૬૬૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૧૭૬/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૮૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧૦ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૧૧૭૭/૨૦૨૫**

ક્રાઇમ બ્રાન્ચઃ રાજેન્દ્રકુમાર સ/ઓ ઘનરાજ ભંડારી (ઉ.વ.૬૩)(રહે.સાંઇ કુટીર ગ્રીન, સુજાતા ફલેટ સામે, શાહીબાગ) એ તા.૨૦/૦૮/૨૦૨૫ ના રોજ ક્રાઇમ બ્રાન્ચ ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૩૧/૦૫/૨૦૧૬ થી તા.૦૩/૦૨/૨૦૧૮ સુધીના સમયગાળા દરમ્યાન રેવડી બજાર બીજો માળ, ઘનલક્ષ્મી માર્કેટ ખાતે આરોપી (૧) અસકર નામ્બીયા બાથ (૨) અનવર નામ્બીયાબાથ (બંને રહે. નામ્બીયાબાથ હાઉસ, પોસ્ટ–એદક્કડ કુક્કીકકામ, જીલ્લા–કુન્નર, રાજ્ય– કેરાલા) "મબાડેઆ એ.આઈ. એન્જાઝ" એ નામની ભાગીદારી પેઢી (ઓફીસ:–ચમામા બીલ્ડીંગ, ૪૦૨, બથા, કોમર્શીયલ રજી.નં.૧૦૧૦૩૦૧૦૭૪, રીયાધ (કીંગડમ ઓફ સાઉદી અરેબીયા) ના ભાગીદારો એ ભેગામળી રાજેન્દ્રકુમાર ભંડારીને વિશ્વાસમાં લઇ, તેમની પાસેથી દિન–૭૦ થી ૮૦ ના ક્રેડીટ ઉપર રેડીમેડ કોટન પેન્ટ–શર્ટ અને જીન્સ, યુવન શર્ટ–જીન્સ અને ટાવેલ વિગેરેનો માલ તેમનાં ઓર્ડર પ્રમાણે મેળવી લઇ, માલના બાકી નિકળતા રૂપિયા ૪,૧૪,૨૪,૮૧૬/– આજદિન સુધી નહી ચુકવી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી કે.પી.જાડેજા ચલાવે છે.

આનંદનગરઃ મુકેશભાઇ બાબુભાઇ મહેતા (ઉ.વ.૫૭)(રહે.આર.કે.પાર્ક સોસાયટી, બંધન પાર્ટી પ્લોટની બાજુમાં, શ્રધ્ધા સ્કુલની બાજુમાં જોધપુર ગામ રોડ, આનંદનગર) એ તા.૨૦/૦૮/૨૦૨૫ ના રોજ આનંદનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૮/૦૭/૨૦૨૪ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન આનંદનગર મેડીલીન્ક હોસ્પિટલ સામે પુષ્યક–૬૬ "રાસી ઓર્નામેન્ટ પ્રા.લી." તથા "પુજા ઓર્નામેન્ટ પ્રા.લી."નામના શો રૂમ ખાતે આરોપી હુનર ગોલ્ડ શો રૂમના માલિક તેજસભાઇ સોની (ઓફીસ સરનામુ:–પ્લોટ નંબર–૫૯ બીસી ઇન્ડ એસ્ટેટ, કાંદીવલી વેસ્ટ મુંબઇ, મહારાષ્ટ્ર–૨૭) એ મુકેશભાઇ મહેતા સાથે વ્યાપારીક સબંધો ધરાવી વિશ્વાસ કેળવી, મુકેશભાઇ મહેતા પાસેથી દાગીનાને લગતો માલ–સામાન કુલ કિમત રૂપિયા ૪૨,૧૭,૫૮૨/– ખરીદ કરી, નાણાં નહી ચુકવી કે માલ–સામાન પરત નહી આપી વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી હતી. આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી વી.જે.દેસાઇ ચલાવે છે.

ઘરફોડઃ– **સમાચાર ચાદી નં.૧૧૭૮/૨૦૨૫**

સરખેજઃ ઈરફાનભાઈ સ/ઓ અબ્દુલભાઈ પટેલ (ઉ.વ.૩૦)(રહે.ત્રીજો માળ, ગોલ્ડ કોઇન અપાર્ટમેન્ટ, ટી.પી.૮૫ રોડ, ફતેવાડી, સરખેજ) એ તા.૨૦/૦૮/૨૦૨૫ ના રોજ સરખેજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૯/૦૮/૨૦૨૫ સાંજના ૭/૦૦ થી તા.૧૮/૦૮/૨૦૨૫ રાતના ૧૦/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનું તાળું ખોલી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તિજોરીમાંથી સોનાના દાગીના કિમત રૂપિયા ૭૫,૦૦૦/– અને રોકડ રૂપિયા ૧,૨૦,૦૦૦/– મળી કુલ રૂપિયા ૧,૯૫,૦૦૦/– મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.ડી.વાળા ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર ચાદી નં.૧૧૭૯/૨૦૨૫**

ઈસનપુરઃ ઈસનપુર વિશ્વકર્મા સોસાયટીની બાજુમા આવકાર હોલ બ્રીજના છેડે રહેતા દેવરાજ સ/ઓ ફતીયાભાઈ ડામોર (ઉ.વ.૧૮)(મુળ વતન. ડામરા ફળીયું ગડોઈ જી–દાહોદ) એ અગમ્ય કારણસર તા.૨૦/૦૮/૨૦૨૫ કલાક ૬/૦૦ વાગ્યા પહેલા પોતાના રહેણાંક નજીક ઝાડની ડાળી સાથે દોરી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ઈસનપુર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી જે.જી.ચારણ ચલાવે છે.

નારોલઃ બીપીન કનુભાઇ દંતાણી (ઉ.વ.૨૪)(રહે.ઠાકોર વાસ, મહાદેવનગર–૨, પાણીની ટાંકી પાસે, શાહવાડી ગામ, નારોલ) એ અગમ્ય કારણસર તા.૧૯/૦૮/૨૦૨૫ રાતના ૯/૦૦ થી ૧૦/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ઘરે ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી શાર્દુલભાઇ ગણપતભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી